**ધોડાલી ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ માર્ગદર્શન, પર્યાવરણ જાગૃતિ રેલી અને છોડ વિતરણનો કાર્યક્રમ યોજાયો**

આણંદ કૃષિ યુનિવર્સિટીના ઉપ કુલપતિ ડૉ . કે .બી . કથીરીયા માર્ગદર્શન હેઠળ કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના ધોડાલી ખાતે વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ માર્ગદર્શન અને છોડ વિતરણનો કાર્યક્રમ યોજાયો.

દિવસે દિવસે વધતા જતા પ્રદૂષણ થી અસરકર્તા પર્યાવરણ અને જમીનને બચાવવાના ઉદેશ્યથી જાગૃતિ અભિયાન તેમજ ગ્રામજનો દ્વારા "પર્યાવરણ બચાવો અને જતન કરો" કાર્યક્રમમાં સહભાગી થાય તે માટે કૃષિ સંશોધન કેન્દ્ર સણસોલી, રેંજ ફોરેસ્ટ ઓફિસર, મહેમદાવાદ અને પ્રાથમિક શાળા,ધોડાલીના ઉપક્રમે વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ માર્ગદર્શન પર્યાવરણ જાગૃતિ રેલી અને છોડ વિતરણ કરવામાં આવેલ હતું, સરપંચશ્રી રાજુબેન ચૌહાણ, ૧૩૪ વિધાર્થીઓ અને ૧૪૧ વિધાર્થીનીઓ, શાળાના આચાર્ય અને શિક્ષકોએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો .

ડૉ . ડી .બી .પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીએ અને ડૉ . ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ વૃક્ષોનુ માનવજીવનમાં મહત્વ વિષે માહિતી આપેલ હતી . સરપંચશ્રી રાજુબેન ચૌહાણ ના વરદ હસ્તે ઝંડી ફરકાવી પર્યાવરણ જાગૃતિ રેલી ને પ્રસ્થાન કરાવેલ હતું, જેમાં વિધાર્થીઓ, વિધ્યાર્થીનીઓ, સમગ્ર શિક્ષણ ગણ, ગ્રામજનો અને સણસોલી યુનિટ હેડ હાજર રહી ભાગ લીધેલ હતો .

પ્રાથમિક શાળાના પટાંગણમાં ૨૭૫ છોડ વાવેતર અને વિતરણ કરવામાં આવેલ હતુ, કાર્યક્રમમાં ધોડાલીના સરપંચશ્રી રાજુબેન, આચાર્યશ્રી આરતીબેન અને શાળાના વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ હાજર રહી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરેલ હતો . છોડની ફાળવણી વન સંરક્ષક અધિકારી, મહેમદાવાદ દ્વારા કરવામાં આવેલ હતી . સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ . ભરતભાઇ ઠક્કર અને ડો. તારક પટેલે કરેલ હતું .




